# બરોડા હાઈસ્કૂલ, દંતેશ્વર

## ગુજરાતી માધ્યમ : 2026-27

http://www.barodahighschool.com

**પૂર્વ પ્રાથમિક થી ધોરણ – 12 (સા. પ્ર./વિ.પ્ર.)** | પરિપત્ર : 1/2026-27

## નવો પ્રવેશ

સુજ્ઞ વાલીશ્રી,
નમસ્તે

શૈક્ષણિક વર્ષ:2026-27 થી બરોડા હાઈસ્કૂલના સભ્ય બનવા બદલ હું આપને શાળા પરિવાર તરફથી આવકારું છું. આવનારા વર્ષો બાળકોના વિકાસ માટે અતિ મહત્વના છે. ચાલો,સાથે મળીને બાળકના વિકાસમાટે સહિયારો પ્રયત્ન કરીએ...આ માટે શાળાની કાર્યપ્રણાલીને સમજીએ જેથી બાળકને યોગ્ય માર્ગદર્શન મળી શકે.નીચેના મુદ્દાઓ વાંચીને સમજી લેશો.

- ➢ પ્રવેશ વખતે ફી ભરાયા બાદ જ પ્રવેશ માન્ય ગણાશે. ફી આપને સૂચવેલ તારીખ મુજબ ભરવાની રહેશે.
- ➢ ફી માત્ર શાળા ઍપ દ્વારા ઓનલાઈન માધ્યમથી ભરી શકાશે. શાળા ઍપ અંગે વધુ માહિતી માટે આપ મોબાઈલ સાથે શાળા ઓફીસનો સંપર્ક કરી શકશો.
- ➢ શાળા ઍપમાં બાળકની ફી સિવાય બાળકની ગેરહાજરી, જન્મ દિવસની શુભેચ્છા, જરૂરી સૂચનાઓ, પરિપત્રો, વિષય અનુસાર જરૂરી શૈક્ષણિક માહિતીઓ, ગૃહકાર્ય, અસાઈનમેન્ટ, પરિણામ, શૈક્ષણિક વીડિયો વગેરે તમામ સુવિધાઓ જે-તે સમયે આપને મળતી રહેશે.
- ➢ શાળા ઍપ એ બાળકની સંપૂર્ણ માહિતી મેળવવા માટે વાલી અને શાળા વચ્ચે અતિ મહત્ત્વનું માધ્યમ છે. તેમજ તમામ સૂચનાઓ,ગૃહકાર્ય આપને શાળા ઍપ દ્વારા જ મળશે.જેથી એપ આપના મોબાઈલમાં હોવી જરૂરી અને અનિવાર્ય છે.વધુ વિગત માટે મોબાઈલ સાથે શાળા પ્રતિનિધિનો રૂબરૂ સંપર્ક કરવો.
- ➢ શાળાનું નવું સત્ર **તા. 8 જૂન 2026, સોમવારથી** શરૂ થશે. આ દિવસથી બાળકની હાજરી અનિવાર્ય છે.
- ➢ તારીખ : 8 જૂન 2026, સોમવારના રોજ શાળાનો સમય સવારે 7:10 થી 10:00 નો રહેશે.

### તા.8 જૂન' 25 સોમવારનો સમય

| ધોરણ | શાળામાં પ્રવેશ સમય | શાળા છૂટવાનો સમય |
|---|---|---|
| જુ.કેજી,સી.કેજી,બાલવાટિકા | સવારે 7.45 | 10.00 કલાકે |
| ધોરણ 1 થી 12 | સવારે 7.10 | 10.00 કલાકે |

- ➢ તા.9 જૂન 2026, મંગળવારથી ધોરણ અનુસાર નિયમિત સમય નીચે મુજબનો રહેશે.

❖ **શાળાનો નિયમિત સમય**

| વાર | ધોરણ | સમય |
|---|---|---|
| સોમવાર થી શુક્રવાર | જુ.કેજી | સવારે 7.45 થી 10.30 કલાકે |
| | સી.કેજી ,બાલવાટિકા | સવારે 7.45 થી 12.00 કલાકે |
| | 1 થી 12 | સવારે 7:10 થી 12:10 |
| શનિવાર | જુ.કેજી થી ધો.2 | રજા |
| | 3 થી 12 | સવારે 10:15 થી 1:00 |

- ➢ દર મહિનાની આખર તારીખે પૂર્વ પ્રાથમિક વિભાગના બાળકો સવારે 10.00 વાગ્યે છૂટશે.
- ➢ ધોરણ 3 થી 12 માટે દર મહિનાના આખર શનિવારે શાળામાં રજા રહેશે. મહિનાની આખર તારીખે શાળાનું નિયમિત શૈક્ષણિક કાર્ય ચાલુ રહેશે.

❖ **અન્ય સૂચના :**

- ➢ બાળક પ્રથમ દિવસથી જ સંપૂર્ણ ગણવેશમાં આવે તે અનિવાર્ય છે. વર્ષ દરમિયાન સ્વચ્છ અને સંપૂર્ણ ગણવેશ ફરજિયાત જોઇશે.
- ➢ પ્રવૃત્તિ ગણવેશ બાળકની શાળા શરૂ થયા બાદ શિક્ષક દ્વારા સૂચના મળ્યા બાદ હાઉસ પ્રમાણે લાવવાનો રહેશે.

- પુસ્તકોની યાદી શાળામાંથી પ્રવેશ ફી ભર્યા બાદ મળશે. શાળાનું સમય પત્રક મળ્યા બાદ તમામ પુસ્તકો અને નોટબુક દરરોજ નિયમિત લાવવા ફરજિયાત છે.
- શાળામાંથી આઈકાર્ડ આપવામાં આવશે. જે નિયમિત અને ફરજિયાત પહેરવાનું રહેશે.
- કોઈ પણ સામાજિક રીત રિવાજો માટેના દોરા કે અન્ય કિંમતી વસ્તુઓ બાળકને પહેરાવવી નહિ. જેમ કે, ચાંદીના કડા, ઝાંઝર, સોનાની બુટ્ટી, ચેન વગેરે. બાળક રોકડ રકમ કે કોઈ કિંમતી ચીજવસ્તુ શાળામાં ના લાવે તેની ખાસ કાળજી રાખશો. આ બાબતે શાળાની કોઈ જવાબદારી રહેશે નહી.
- દર મહિનાની આખર દિવસોમાં વાલી શિક્ષક સભા થશે ,જેમાં દરેક વાલીએ ફરજિયાત આવવાનું રહેશે .તારીખ અને સમય આપને બે દિવસ અગાઉ જાણ કરવામાં આવશે.
- શાળાની વિગતવાર માહિતી, શાળાના નિયમો અને અન્ય વિગતો 'શાળા દર્પણ' (શાળા ડાયરી) માં આપવામાં આવેલ છે જે આપના બાળકને જૂન માસમાં શાળામાંથી આપવામાં આવશે.આપે દરરોજ શાળા ડાયરી ચકાસવાની રહેશે,જેથી કોઈ મહત્વની સૂચના આપની જાણબહાર ના રહે.
- શાળાની કાર્યપ્રણાલી અંગે વિસ્તૃત જાણકારી જૂન માસમાં પ્રથમ વાલી સભા વખતે મળશે.
- વધુ વિગતવાર માહિતી આપને શાળાની વેબસાઈટ www.barodahighschool.com પરથી મળી શકશે.

ખાસ : શાળા ગણવેશ,પુસ્તકો,નોટબુકસ વગેરે આપ આપની ઈચ્છિત દુકાનમાંથી ખરીદી શકશો.ગણવેશમાં શાળા લોગો ખાસ ચકાસી લેશો.

જુ.કેજી,સી.કેજી અને બાલવાટિકામાં કોઈ પાઠયપુસ્તક નથી જેની વિશેષ નોંધ લેશો.

દુષ્યંત દેસાઈ
આચાર્ય